ગાંધીનગર સમાચાર

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ, આ અનામત બ્રાન્ડ ફટાકડો છે... મારે બાજુ સળગતો દેખાશે... પણ છેલ્લે કાંઈ જ નહીં થાય...!!

# નગરના બજારોમાં ફટાકડા વેચતી જોખમી લારીઓ

ગાંધીનગર, તા. ૨

શહેરના બજારોમાં દિપાવલીના પર્વ નિમિત્તે નગરજનોને ભવ્ય આતશબાજી કરવા માટે ફટાકડાનું આગમન થઈ ગયું છે. પરંતુ વિવિધ પ્રકારના ફટાકડા બજારમાં ખુલ્લેઆમ લારીઓ પર વેચાઈ રહ્યા છે. જે અત્યંત ગંભીર બાબત છે. ફટાકડાની લારીઓ પાસે કોઈ પણ સલામતીનું સાધન હોતુ નથી. ત્યારે નગરમાં આવી લારીઓ જોખમીરૂપ બની શકે છે. ત્યારે તંત્રએ પણ લારીમાં ફટાકડા વેચતા વેપારીઓ અંગે કંઈક વિચારવાની જરૂર છે.

રાજ્યના પાટનગરમાં દિવાળી પર્વની ઉજવણી ધામધૂમથી કરવામાં આવે છે. નગરજનો લાખો રૂપિયાના ફટાકડા ફોડી ભવ્ય આતશબાજી કરે છે. દિપાવલીમાં ફટાકડા ફોડવાનો અનોખો મહિમા છે. ત્યારે દિવાળીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. જેને પગલે નગરના સે. ૨૧, ૨૪, ૭ સહિતના બજારોમાં રોડ પાસે ખુલ્લી લારીઓમાં ફટાકડા લઈ વેપારીઓ ઉભા હોય છે. આવી જોખમી લારીઓની સંખ્યા વધુ છે. બજારમાં વિધિવત ફટાકડાના સ્ટોલ લાગ્યા નથી. ત્યારે સલામતીના એક પણ સાધન વગર આવી લારીઓ ખુલ્લેઆમ નગરમાં દ્રશ્યમાન થાય છે. વેપારીઓએ પણ કાળજી રાખી અગ્નિશામકનું સાધન રાખવું આવશ્યક છે. જ્યારે લારીઓમાં ફટાકડાનું વેચાણ કરતા વેપારીઓએ ભરચક સ્થળે નહી પરંતુ ખુલ્લી જગ્યાએ ઉભા રહેવું જોઈએ. પરંતુ નગરમાં તો ભરચક વિસ્તારોમાં જ જોખમી લારીઓ દેખાય છે.



## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર જિલ્લા ભાજપના સ્થાનિક આગેવાનો સાથે આજે જિલ્લા માટે નિમાયેલા નિરીક્ષકોએ રાજકીય સ્થિતિની સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર શહેર ભાજપના ૮ થી વધુ આગેવાનોને પ્રદેશ કક્ષાએ ચૂંટણીની કામગીરી માટે જોતરવામાં આવ્યા છે.
- સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ તંત્રની કામગીરી હવે તેના અંતિમ તબક્કામાં પ્રવેશી છે.
- જિલ્લામાં શરદી-સળેખમના દર્દીઓ વધી રહ્યા છે.
- જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેનની કચેરીમાં ચૂંટણી અધિકારી માણસાની કચેરી કાર્યરત કરવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લામાં આચારસંહિતા ભંગની હજુ સુધી એક પણ ફરિયાદ નોંધાઈ નથી.
- દિવાળી વેકેશન બાદ કૉલેજોમાં પરીક્ષા અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ એક સાથે યોજાશે.

## ગાંધીનગરમાં એન.એસ.જી. મુંબઈ દ્વારા મોકડ્રીલ ઓપરેશન યોજાશે

ગાંધીનગર, તા. ૨

નેશનલ સીક્યુરીટી ગાર્ડ (એનએસજી) દ્વારા કાઉન્ટર ટેરેરીસ્ટ ઓપરેશન ડ્રીલના ભાગરૂપે તા. ૨ થી ૪ નવેમ્બર-૨૦૧૫ દરમ્યાન ગાંધીનગરના વિવિધ સ્થળોએ મોકડ્રીલ ઓપરેશનનું આયોજન કરાયું છે.

આતંકવાદી હૂમલાનો ભોગ બની શકે તેવા ગાંધીનગરના સ્થળો જેવા કે અક્ષરધામ મંદિર સે. ૨૦, દાંડીકુટિર (મહાત્મા મંદિર) સેક્ટર-૧૩ અને ગુજરાત પોલીસ અકાદમી-કરાઈ ખાતે તા. ૨ થી ૪ નવેમ્બરના રોજ સાંજે ૬ થી ૧૦ કલાક દરમ્યાન આ મોકડ્રીલ યોજાશે. આ મોકડ્રીલમાં એન.એસ.જી.ના વિવિધ રેન્કના અધિકારીશ્રીઓ, ચેતક કમાન્ડો, એ.ટી.એસ. ટીમ, એસ.ઓ.જી., ક્યુ.આર.ટી. સહિત પોલીસ સ્ટાફના માણસો ભાગ લેશે. આ મોકડ્રીલના દિવસે જાહેર જનતાએ ગભરાવું નહીં કે કોઈ પણ પ્રકારની અફવા કે ભય ફેલાય નહીં તેનું ધ્યાન રાખવું અને મોકડ્રીલ સંબંધે જરૂરી તકેદારી રાખવા જણાવવામાં આવ્યું છે.

# ધોરણ-૧૧ રસાયણ વિજ્ઞાન પ્રશ્નપત્રમાં છબરડા અંગે શિક્ષણમંત્રીને રજુઆત

## સાત પ્રશ્નોમાં ૧૫ ગુણની ક્ષતિ હોવાનું ધ્યાને આવતા વિદ્યાર્થીઓ વાલીઓમાં આક્રોશ

ગાંધીનગર, તા. ૨

ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરીક્ષામાં રસાયણ વિજ્ઞાન પ્રશ્નપત્રમાં ૧૫ ગુણના પ્રશ્નોમાં છબરડા હોવાનું છતું થતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આક્રોશ પ્રવર્ત્યો છે. આ મામલે કોમ્પ્યુટર એજ્યુકેશન એસોસિએશનના પ્રતિનિધિઓ દ્વારા શિક્ષણમંત્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને ન્યાય મળે તે માટે પ્રબળ માંગ કરવામાં આવી છે.

કોમ્પ્યુટર એજ્યુકેશન એસોસિએશન ધોરણ-૧૧, ૧૨ ના વિદ્યાર્થીઓને તાલીમ આપવા કાર્યરત છે. એસોસીએશનના પ્રમુખ હેમાંગ રાવલના જણાવ્યા મુજબ રસાયણ વિજ્ઞાનના પ્રશ્નપત્રમાં પુછાયેલા સાત જેટલા પ્રશ્નોમાં ક્ષતિ હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. જ્યારે આ અંગે એસોસિએશન દ્વારા વિષય નિષ્ણાંત ડૉ. પ્રણવ ત્રિવેદી સાથે બેઠક યોજવામાં આવી હતી. જેના અંતે ૧૫ ગુણના ૭ પ્રશ્નોમાં ભુલો હોવાનું સ્પષ્ટ થયું હતું. દર વર્ષે બોર્ડની પરીક્ષાની જેમ આ વર્ષે પણ છબરડા હોવાનું ધ્યાને આવતા એસોસિએશન દ્વારા શિક્ષણમંત્રીને રજુઆત કરવાનો નિર્ણય લેવાયો હતો. જેને અનુલક્ષી આજે એસોસિએશનના પ્રતિનિધિઓએ શિક્ષણ મંત્રીને આવેદનપત્ર સુપરત કર્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને ન્યાય આપવાની માંગણી કરવામાં આવી હતી. આ ઉપરાંત પ્રશ્નપત્રમાં થતા છબરડા બદલ જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવાની પણ રજુઆત કરવામાં આવી હતી.

## આજે ટોપ એજ્યુકેશન દ્વારા આયોજીત 'તપસ્યા વર્કશોપ-૨૦૧૫'નો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨

શહેરની શૈક્ષણિક સંસ્થા ટોપ એજયુકેશન દ્વારા વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટેના 'તપસ્યા વર્કશોપ-૨૦૧૫'નું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપ તા. ૩-૧૧-૧૫ થી તા. ૮-૧૧-૧૫ દરમિયાન યોજાશે. જેમાં ધોરણ-૭ થી ૧૦ના સીબીએસઈ તેમજ જીએસઈબીના અંગ્રેજી માધ્યમ તેમજ ધોરણ ૯ અને ૧૦ ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ માટે એન.ટી.એસ.ઈ., એન.એસ.ટી.એસ.ઈ., જીટીઓ, ઓલમ્પિયાડ પરીક્ષા લેવામાં આવશે. ટોપ એજયુકેશન દ્વારા આયોજીત તપસ્યા-૨૦૧૫ વર્કશોપમાં વિદ્યાર્થીઓને ૬ દિવસમાં સ્પર્ધાત્મક પરીક્ષાને અનરુપ મેથ્સ, સાયન્સ, ઈંગ્લિશ, લોજીકલ રીઝનીંગ, મેન્ટલ એબીલીટી અને સ્કીલ ડેવલપમેન્ટ સહિતના વિષયોનું જ્ઞાન આપી તૈયાર કરવામાં આવશે. વર્કશોપ દરમિયાન તા. ૬-૧૧-૧૫ના રોજ ટોપ એજયુકેશન દ્વારા ઓલમ્પિયાડ પરીક્ષા લેવામાં આવશે.

આ વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ શહેર તેમજ આસપાસના ગામની વિવિધ શાળાઓના બાળકોને સ્પર્ધાત્મક પરીક્ષાનું મહત્વ તેમજ તેની તૈયારી કરાવવાનો છે. આ વર્કશોપમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેશે તેમ સંસ્થાના સંદીપ પટેલે જણાવ્યું છે.

## દહેગામ પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દ્વારા રમતોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨

દહેગામ પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ પ્રેરિત સ્વામી વિવેકાનંદ યુવા મંચ દ્વારા આગામી તા. ૧૫ નવેમ્બરના રોજ પ્રાંતિય ગામ ખાતે 'રમતોત્સવ ૨૦૧૫'નો કાર્યક્રમ યોજવામાં આવશે. રમતોત્સવ ૨૦૧૫માં ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકોએ તા. ૯મી નવેમ્બર સુધીમાં ફોર્મ ભરી કાર્યાલય ખાતે જમા કરાવવા સંસ્થાના પ્રમુખ નારાયણભાઈ એસ. પ્રજાપતિએ જણાવ્યું છે. આ ઉપરાંત વધુ માહિતી મેળવવા યુવા મંચના કન્વીનર જશુભાઈ આર. ગુર્જરનો સંપર્ક કરવા પણ તેમણે જણાવ્યું છે.

## ઘ-૫ થી ખ-૫ માર્ગ પર બમ્પ બનાવવા રજૂઆત

ગાંધીનગર, તા. ૨

ઘ-૫ થી એલ.ડી.આર.પી. સર્કલ વિસ્તારમાં બમ્પ ન હોવાના કારણે અવારનવાર અકસ્માત સર્જાતા હોવાથી રાજધાની વસાહત સેવા મંડળ દ્વારા ત્વરિત બમ્પ બનાવવા ઉગ્ર રજુઆત કરવામાં આવી છે.

સંસ્થાના પ્રમુખ આર.બી. ગોલના જણાવ્યા મુજબ શહેરમાં કેટલાક માર્ગો ઉપર બમ્પ નહી હોવાના કારણે ઘણા અકસ્માતો સર્જાય છે. આવા સંજોગોમાં નિર્દોષ વાહનચાલકો મોતને ભેટે છે. ત્યારે કેટલાક ઠેકાણે બમ્પ બનાવવા અનિવાર્ય છે. જેમાં જિલ્લા પંચાયત રોડ, ઘ-૪ા રોડ, ઘ-૫ થી એલ.ડી.આર.પી. સર્કલ સુધી વિસ્તારમાં મહિનામાં સાત આઠ અકસ્માત થાય છે. આ વિસ્તારમાં શૈક્ષણિક સંકુલ હોવાના કારણે ફરજિયાતપણે બમ્પની વ્યવસ્થા કરવાની અનિવાર્યતા છે.

# ગરીબોના ઘરમાં ઉજાસ લાવતાં માટીના કોડીયા

## દિપાવલી પર્વ નિમિત્તે સોશીયલ મીડીયામાં વાયરલ થઈ રહેલો માનવતાનો સંદેશો

રોશનીનું પર્વ દિપાવલી જેમ જેમ નજીક આવતું જાય છે તેમ તેમ તેની ઉજવણીની પુર્વ તૈયારીઓમાં વેગ આવી રહ્યો છે. દિપાવલી પર્વના પાંચ દિવસ અગાઉથી ઘરમાં દિવા કરવાની પરંપરા રહી છે. જેમાં અનેક વિવિધ પ્રકારના દિવડા બજારમાં ઉપલબ્ધ બની રહ્યા છે પરંતુ માટીના કોડીયા લુપ્ત થઈ રહ્યા છે ત્યારે સોશીયલ મીડીયા માધ્યમ બની માનવતાનો સંદેશો ફેલાવી જણાવી રહ્યું છે કે દિપાવલી પર્વમાં માટીના કોડિયાનો જે ઉપયોગ કરી ગરીબોને આડકતરી રીતે મદદરૂપ બની તેમને પણ દિપાવલી પર્વમાં આર્થિક મદદ મળે તેવાં આયોજનનો આગ્રહ રખાયો છે.

દિપાવલી પર્વ એટલે અંધારાને જીવનમાંથી ઉલેચી પ્રકાશ લાવવાનો હેતુ. દિપાવલી પર્વનો હરખ કરી, અમીર-ગરીબના ભેદભાવ ભુલી એકબીજાનો મદદરૂપ બની બીજાના જીવનમાં રોશની પ્રગટાવવાનું કાર્ય બને તેવો હોય છે. વાઘબારશથી દરેકના ઘરમાં દિવા અને રોશની થાય છે. આ દિવા બજારમાં અનેક પ્રકારે ઉપલબ્ધ બન્યા છે જેથી માટીમાંથી હાથ મજુરી કરી બનતા દિવડા (કોડીયા) ધીરે ધીરે અદ્રશ્ય થવા લાગ્યા છે જેથી દિપાવલી પર્વ ઉપર કોડીયા વેચી દિવાળીના પર્વને ઉમંગથી ઉજવવાનો ગરીબોનો ઉદ્દેશ મરી પરવારતો હોય છે. જેથી દિપાવલી પર્વ ઉપર ઘરમાં પ્રગટાવવાના દિવાના કોડીયા ગરીબો પાસેથી જ ખરીદવાનો આગ્રહ હાલ સોશીયલ મીડીયામાં રખાઈ રહ્યો છે.



(તસવીર : દિપક જાની)

માનવતાનો સંદેશો ફેલાવતા આ સોશીયલ મીડીયાના દસ લીટીના સમાચારે સામાન્ય માણસને ઝંઝોડીને જાગ્રત કરી નાંખ્યો છે. સંદેશામાં જણાવાયું છે કે ગરીબો જે માટીના કોડીયાનું વેચાણ કરે છે તેમની પાસેથી ભાવની રકઝક કર્યા વગર કોડીયા ખરીદવા તેમજ વધુ રકમ ચુકવાશે તો પણ ગરીબો તેમની દિવાળી વધુ ઉત્સાહથી મનાવી શકશે તેવું પણ ભારપૂર્વક જણાવાયું છે. આમ સોશીયલ મીડીયા એ સમાજમાં એક અનોખી જાગૃતિ ફેલાવવાનું કાર્ય કરી રહ્યું છે જેને બહોળો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. સમાજમાં ભેદભાવ ભુલી પરંપરા અનુસારના તહેવારો દરેક વ્યક્તિ સારી રીતે ઉજવી શકે અને તેનો ઉમંગ સર્વત્ર બની રહે તવો ઉદ્દેશ સમાજમાં ફેલાય તે પ્રસંશનીય બન્યું છે.

## ભાજપના ચૂંટણીલક્ષી વિભાગોનો પ્રારંભ

### વિવિધ વિભાગોમાં શહેરના ૧૦થી વધુ કાર્યકરોનો સમાવેશ

ગાંધીનગર, તા. ૨

ભાજપ પ્રદેશ કાર્યાલય ખાતે ચૂંટણીલક્ષી બેઠક યોજાઈ હતી. જેમાં જુદા જુદા ૧૦ વિભાગોની વ્યવસ્થા કરવામાં આવી છે. શહેરના ૧૦થી વધુ કાર્યકર્તાઓનો વિવિધ વિભાગમાં નીમણુંક આપવામાં આવી છે.

આગામી સમયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાવાની છે. જેને પ્રદેશ કાર્યાલય 'કમલમ્' ખાતે ભાજપ દ્વારા પ્રચાર, પ્રસાર, મીડીયા, શોશ્યલ મીડીયા, સાહિત્ય, વર્ગવાર સંમેલન, લીગલ આચારસંહિતા, પ્રવાસ, બુથ વ્યલસ્થા, કાર્યાલય વ્યવસ્થાના વિભાગ તૈયાર કરી માઈક્રો પ્લાનીંગ કર્યું છે. ત્યારે શહેરના કાર્યકરોનો પણ વિવિધ વિભાગોની જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં સાહિત્ય વિભાગમાં રણછોડ રથવી, વર્ગવાર સંમેલનમાં ભગવાનદાસ પંચાલ, આશિષભાઈ દવે, કનુભાઈ દેસાઈ, રૂચિરભાઈ ભટ્ટ, લીગલ આચારસંહિતા અશ્વિન ત્રિવેદી, પ્રવાસ જાહેરસભા વ્યવસ્થા અતુલભાઈ પટેલ, કાર્યાલય વ્યવસ્થા એચ.એમ. પટેલ, બુથ વ્યવસ્થા રણછોડ રથવી અને પરેશ પટેલનો સમાવેશ થાય છે.

## સેમ-૧ અને ૩માં આજે અંગ્રેજી વિષયનું પેપર

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરીક્ષા ધીરે ધીરે આગળ વધી રહી છે. ત્યારે આવતીકાલે સવારે ૧૦:૩૦થી ૧૨:૩૦ કલાક દરમિયાન સેમેસ્ટર-૩માં અંગ્રેજી વિષયની પરીક્ષા લેવામાં આવશે. જ્યારે બપોરે ૩:૦૦ થી ૫:૦૦ કલાક દરમિયાન સેમેસ્ટર-૧માં પણ અંગ્રેજી વિષયની પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષામાં મુખ્ય વિષયોનાં બે પેપર આવ્યા બાદ ભાષાનું પેપર આવતું હોવાથી વિદ્યાર્થીઓને થોડી રાહત રહેશે. આ ઉપરાંત સેમેસ્ટર-૧માં એ સ્ટ્રીમમાં વિદ્યાર્થીઓ અને સેમેસ્ટર-૩માં બી સ્ટ્રીમનાં વિદ્યાર્થીઓને અંગ્રેજીમાં પેપર પહેલા ત્રણ દિવસની રજા મળી છે. જેનો ઉપયોગ પણ વિદ્યાર્થીઓએ આગામી પરીક્ષાની તૈયારી કરવા માટે કર્યો છે.

## ડૉ. પ્રણવ જોષીપુરાના નાટકો પરના સંશોધન પત્રોએ કડી કેમ્પસને ગૌરવ અપાવ્યું છે

ગાંધીનગર, તા. ૨

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજના અંગ્રેજી વિષયના વ્યાખ્યાતા ડૉ. પ્રણવ જોષીપુરા ભારતની ઉચ્ચ શિક્ષણની સંસ્થા યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન (યુજીસી) દ્વારા અપાયેલો મેજર રીસર્ચ પ્રોજેક્ટ હતો. સમગ્ર દેશમાંથી અંગ્રેજી વિષયના વ્યાખ્યાતાઓ આ એવોર્ડ માટે નીયત ફોર્મમાં અરજી કરતા હોય છે.

જ્યારે આ પૈકી પસંદગીના અધ્યાપકો માટે નવી દિલ્હી સ્થિત યુ.જી.સી. કચેરી ખાતે પર્સનલ ઈન્ટરવ્યુનું પણ આયોજન કરવામાં આવે છે. અગાઉ વર્ષ ૨૦૧૨માં ઈન્ટરવ્યુ બાદ 'પ્લેઈઝ ઓફ ઈન્ડિયન ડાયસ્વોરા ઈન સાઉથ આફ્રીકા' વિષય પર સંશોધન કાર્ય માટે ડૉ. જોષીપુરાને એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો.

ડૉ. પ્રણવ જોષીપુરાએ દક્ષિણ



ભારતમાં વસતા ભારતીયો દ્વારા લખાયેલા નાટકો પર સંશોધન કર્યું છે. આ સંશોધનમાં નાટકો ઉપરાંત ઈતિહાસ અને કલ્ચરલ સ્ટડીઝનો પણ સમાવેશ થાય છે. બે વર્ષના સંશોધન બાદ તેમણે એપ્રિલ-૨૦૧૫માં આ પ્રોજેક્ટ પૂર્ણ કરી યુ.જી.સી.ને સુપ્રત કર્યા છે. સમગ્ર વિશ્વમાં આ વિષય પર પ્રથમવાર સંશોધન કાર્ય થઈ રહ્યો છે. જેના માટે યુ.જી.સી. દ્વારા પુરતી નાણાંકીય વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ડૉ. પ્રણવ જોષીપુરાએ અગાઉ માઈનોર રીસર્ચ પ્રોજેક્ટ પર ભારતીય મહેશ દત્તાણીના નાટકો સંપન્ન કર્યા છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નાટકો પર સંશોધન પત્રો રજુ કર્યા છે. ડૉ. જોષીપુરાની આ સિદ્ધિ બદલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ વલ્લભભાઈ પટેલ કોલેજના આચાર્યા અમૃતાબેન પટેલ તેમજ કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

## સરદાર પટેલની પ્રતિમા 'ઘ' માર્ગથી નિહાળી શકાય તે રીતે ફેરવવા માંગ

ગાંધીનગર, તા. ૨

અખંડ ભારતના શિલ્પી તેમજ સ્વતંત્ર ભારતના પ્રથમ ઉપવડાપ્રધાન લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યતિથીએ ગાંધીનગરમાં ઘ-૪ સર્કલ નજીક સ્વર્ણિમ પાર્કમાં ભવ્ય પ્રતિમા પ્રસ્થાપિત કરવામાં આવી છે. રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે આ પ્રતિમાનું અનાવરણ કરાયું છે.

જો કે આ પ્રતિમા ઘ-૪ સર્કલ નજીક મહાત્મા મંદિર તરફના પાર્કમાં પ્રસ્થાપિત કરાઈ હોત તો સર્કલેથી પસાર થતા નાગરિકો માટે આસાનીથી દૃશ્યમાન થઈ શકત તેવુ કેટલાક અગ્રણી નગરજનોનું માનવું છે. ગાંધીનગરના જાણીતા શિક્ષણવિદ્ ડો. સોમભાઈ પટેલના મતે તો આ પ્રતિમા ઘ-૪ સર્કલની વચ્ચે અમદાવાદ-કરમસદ તરફ ચહેરો રહે તે રીતે કરાયું હોત તો વધુ યોગ્ય લેખાત.

હાલ પ્રતિમા જે રીતે પ્રસ્થાપિત કરાઈ છે તેમાં ઘ-રોડ પરથી પસાર થતા નાગરિકોને પ્રતિમાની પીઠ દેખાય છે. વળી, પ્રતિમાનો ચહેરો વિધાનસભા તરફ રખાયો છે. પરંતુ ચ-રોડથી આશરે ૭૦૦ મીટર જેટલી દૂર હોવાથી ચ-માર્ગ પરથી તેને સ્પષ્ટ રીતે નિહાળી શકાતી નથી. ડો. સોમભાઈ પટેલના મતે તો જે પરિવર્તન તમામ માટે લાભદાયી હોય તે આવકાર્ય જ ગણાય. આથી આ પ્રતિમા ભલે પ્રસ્થાપિત થઈ ચુકી હોય પરંતુ તેની દિશા બદલવામાં કોઈ સંકોચ રાખવો જોઈએ નહી. હાલ તો આ પ્રતિમાને નિહાળવી હોય તો તે માટે પાર્કમાં પ્રવેશવું ફરજિયાત બની રહે છે.

